વિશ્વ સંવાદ કેન્દ્ર

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૩ અંક : ૬૯ દિનાંક : ૧.૨.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## ઉજ્જૈનમાં ત્રિદિવસીય ભવ્ય શૈવ મહોત્સવની ઉજવણી

ઉજ્જૈનમાં ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગોની પ્રતિકૃતિઓ તથા શિવ પર આધારિત પ્રસંગોની પ્રદર્શની સાથે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન સાથે ત્રિદિવસીય ભવ્ય શૈવ મહોત્સવ ઉજવાયો છે. તા. ૫, ૬ અને ૭ તારીખમાં યોજાયેલ આ મહોત્સવને દેશમાંથી લાખોની સંખ્યામાં ભાવિકભક્તો તથા રાષ્ટ્રભક્તોએ માંણ્યો હતો. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ તથા રા. સ્વ. સેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહનરાવ ભાગવત તથા ભાનુપુરા પીઠના શંકરાચાર્ય સ્વામી શ્રી દિવ્યાનંદતીર્થના આર્શિવાદથી આ ઉત્સવનો પ્રારંભ થયો હતો. બાબા સત્યનારાયણ મૌર્યની 'શિવોહમ-શિવોહમ' ચિત્રમાલાએ સૌને પ્રભાવિત કર્યા હતા. 'શૈવ કલા સંગમ' વિભાગમાં ભગવાન શિવના સનાતન સ્વરૂપોની ઝાંખી હતી. શિવજી દ્વાર, યોગવિદ્યાના પ્રારંભ અંગેના વિવિધ પ્રસંગો તથા ઘટનાઓનું વર્ણન પણ પ્રદર્શિત થયું હતું. શિવભક્તોના વિવિધ સંપ્રદાયો જેવા કે શૈવ, પશુપાત, નાથ તથા લિંગાયતની પણ વિસ્તૃત જાણકારી આ ઉત્સવમાં જાણવા મળી હતી. ધાર્મિક પુસ્તકમેળો પણ યોજાયેલ હતો. આદિદેવ શંકરને ગુફાઓ, પહાડો, નદિઓ, પશુ-પક્ષિઓ, તારામંડલ, જંગલો, સ્મશાનોથી માંડી ફળ-ફૂલ અને પાંદડાઓમાં આબેહૂબ દર્શાવ્યા હતા. ભગવાન શિવને પ્રકૃતિ સાથે એકરૂપ દર્શાવ્યા હતા. આ ભવ્ય શૈવ મહોત્સવમાં સંઘના પદાધિકારીઓ શ્રી ભૈયાજી જોશી તથા કૃષ્ણગોપાલ પણ ઉપસ્થિત હતા. સાધુસંતોમાં સ્વામી બાલયોગી ઉમેશનાથજી મહારાજ તથા વિવિધ શિવસંપ્રદાયોના વડા સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઈસરોના એસ્ટ્રોટ ઉપગ્રહની મહાન ઉપલબ્ધિ : ગુરુત્વાકર્ષણના તરંગોના વૈશ્વિક સંશોધનમાં ભૌતિક વિજ્ઞાનીઓને સંદેશા મોકલ્યા

ભૌતિક વિજ્ઞાનમાં પ્રકાશના તરંગો, ધ્વનિતરંગો અને વિદ્યુતચુંબકીય તરંગોની શોધો પ્રાચીન છે. હાલમાં ભૌતિક વિજ્ઞાનીઓએ ગુરુત્વાકર્ષણના તરંગોની શોધ કરી છે. જેની આગાહી સદી પહેલા વિજ્ઞાની આલ્બર્ડ આઈન્સ્ટાઈને કરી હતી. આ તરંગોની શોધ કરનાર વિશ્વના ત્રણ ભૌતિક વિજ્ઞાનીઓમાંના એક વિજ્ઞાની કીપ થોર્પે ભારતની ઈસરો ISRO (Indian Space Research Organization)એ અવકાશમાં મૂકેલા તેના એસ્ટ્રટ ઉપગ્રહની સેવાઓને બિરદાવી છે. શ્રી થોર્પે કહ્યું કે ગુરુત્વાકર્ષણના તરંગોના ભૌતિક અસ્તિત્વ તથા તેના લક્ષણો જાણવાના ત્રણ તબક્કા હતા. પ્રથમ તબક્કો તરંગોના ભૌતિક અસ્તિત્વની જાણકારીનો હતો. બીજા તબક્કામાં આ તરંગોનો આકાર તથા તેના ડેટા એનાલિસીઝ માટેની નક્કર માહિતી એસ્ટ્રોટ ઉપગ્રહે પૂરી પાડી હતી. હાલ ભારતમાં પણ ગુરુત્વાકર્ષણના તરંગોના અભ્યાસમાં ભારતીય ભૌતિક વિજ્ઞાનીઓ કાર્યરત છે. આ સંશોધન માટે ભારત સરકારે લીગો પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તેમાં આર્થિક સહાયની મંજૂરી પણ ભારત સરકારે આપી છે. વિશ્વમાં થતા ધરતીકંપો તથા સુનામી તથા અન્ય અવકાશીય આફતો માટે આ ગુરુત્વાકર્ષણના તરંગો મુખ્યત્વે કારણભૂત હોવાનું ભૌતિક વિજ્ઞાનમાં સાબિત થયું છે.

## એશિયન વોઈસ અને ગુજરાત સમાચારના સંયુક્ત ઉપક્રમે લંડનમાં હિન્દુ ઉદ્યોગકારોનું સ્નેહમિલન

લંડન સ્થિત હિન્દુ ઉદ્યોગકારોનું લંડનમાં સ્નેહમિલન યોજાયું હતું. તેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ દત્તાત્રેય હોસબલે ઉપસ્થિત હતા. તેમણે મુખ્ય વક્તાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ભારતમાંથી હિન્દુઓ વિશ્વના જે - જે દેશોમાં જે તે સમયે સ્થાયી થયા છે તેમણે હિન્દુત્વને જાળવી રાખ્યું છે. વૈશ્વિક ફલક પર ધીરે ધીરે અગાઉની સદીઓની જેમ જ હવે હિન્દુઓનો વિશ્વવ્યાપક વિસ્તાર જોવા મળે છે. તેમણે વધુમાં જણાવ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારકો હિન્દુ સમાજની મૂડી છે. આપણા સાહસિક અને પ્રામાણિક હિન્દુ સાહસિક ઉદ્યોગકારો વિશ્વમાં જ્યાં વસ્યા છે ત્યાં તેમણે જે તે દેશના વિકાસમાં મહત્વનો ફાળો આપી હિન્દુઓને ગૌરવ અપાવ્યું છે. હિન્દુઓએ તે જ્યાં કાયમી થયા છે ત્યાંના સમાજમાં તેમણે આગવી છાપ ઉપસાવી છે. હિન્દુ સમાજે જે તે દેશમાં હિન્દુ જીવન પદ્ધતિને જાળવી રાખી છે. પ્રામાણિકતા તથા વિશ્વસનીયતાના કારણે વિદેશમાં વસેલા આપણા હિન્દુ ઉદ્યોગ સાહસિકોએ વિદેશોના મન જીત્યા છે. વધુમાં શ્રી હોસબલેએ જણાવ્યું છે વિદેશોમાં હિન્દુઓનું ઉદ્યોગક્ષેત્રે પ્રદાન વિશ્વવ્યાપક બન્યું છે. આ પ્રસંગે ઉદ્યોગપતિઓમાં જી. પી. હિન્દુજા, દામે આશા ખેમકે, રાજેશ રામ સતીજા, સુભાષ ઠકરાર, શશીભાઈ વેકરિયા અને વિજય ગોયેલ પણ હાજર હતા.

## દેશમાં પ્રથમવાર હૃદયની રોબોટિક સર્જરી

હવે હૃદયની બિમારીઓના ઈલાજ માટે વિવિધ આધુનિક પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી છે. તેમાં દેશમાં પ્રથમવાર અમદાવાદના આંતરરાષ્ટ્રીય કાર્ડિયોલોજિસ્ટ તથા એપેક્સ હાર્ટ ઇન્સ્ટીટ્યૂટના ચેરમેન ડૉ. તેજસ પટેલે રોબોટિક મશીનથી હૃદયની ૫૦થી વધુ એન્જિયોપ્લાસ્ટી કરી છે. અમેરિકામાં શોધાયેલ આ વૈસ્ક્યૂલર રોબોટિક સિસ્ટમનો વિશ્વમાં પ્રથમ પ્રયોગ અમેરિકામાં થયો હતો. હવે ડૉ. પટેલે આ સિસ્ટમનો સફળ પ્રયોગ શરૂ કર્યો છે. તેથી ભારત વિશ્વમાં બીજા ક્રમનો દેશ છે જેણે તબીબી ક્ષેત્રમાં આ સિસ્ટમ હસ્તગત કરી છે. પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ તથા તેમના સાથી ડૉ. સંજય શાહના અથાગ પ્રયત્નથી આ રોબોટિક સર્જરી ગુજરાતના અમદાવાદથી પ્રારંભ થઈ છે. આ સર્જરી માટે દેશભરમાંથી હૃદયના દર્દીઓ સ્ટેન્ડ બેસાડવા આવે છે. જો કે આ પદ્ધતિ ખૂબ ખર્ચાળ હોવાથી સામાન્ય નાગરિક માટે આર્થિક રીતે પોસાય તેમ નથી. છતાં ડૉ. પટેલ તથા સામાજિક સંસ્થાઓ આ પદ્ધતિના આર્થિક ભારતને ઓછું કરવા પ્રયત્નશીલ છે. અમેરિકામાં સંશોધક તબીબી ડૉક્ટરને આ શોધ કરવામાં ૧૨ વર્ષથી પણ વધુ સમય લાગ્યો હતો. અમેરિકામાં હાલમાં માત્ર આઠ જ આ સેવા માટેના કેન્દ્રો ઉપલબ્ધ છે. જ્યારે ભારતમાં અમદાવાદ ખાતે આ એક માત્ર કેન્દ્ર છે.

## ભારતના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં સંઘકાર્યની સમીક્ષા કરતા RSSના વડા ડૉ. મોહનરાવ ભાગવત

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) વિશ્વનું સૌથી મોટું સ્વતંત્ર - સ્વૈચ્છિક સંગઠન છે. આ સંગઠન ભારતમાં વિશ્વમાં ૧૯૨૫થી હિન્દુત્વ-હિન્દુજીવન પદ્ધતિ તથા વિશ્વને સુખ-શાંતિના માર્ગને ઉજાગર કરતી પ્રાચીન હિન્દુસંસ્કૃતિના પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે. આ સંગઠનના વડા તથા પદાધિકારી સ્વંયસેવકો પ્રસંગોપાત આ સંઘકાર્યનું માર્ગદર્શન તથા સમીક્ષા કરતા હોય છે. તેના અનુસંધાને શ્રી ભાગવતે દેશના ઉત્તર-પૂર્વ વિસ્તારની સમીક્ષા કરી છે. તેમણે આ સમીક્ષાનું માર્ગદર્શન કરતા જણાવ્યું કે "ભારત દેશનો હેતુ વિશ્વને સદ્‌માર્ગે વાળવાનો છે. જો આપણે આમ કરતાં ચૂકીશું તો વિશ્વ આપણને આ અંગે પ્રશ્ન કરશે. અને વિચારતું થશે કે શું માત્ર હિન્દુ જ આ કાર્ય કરી શકે છે ?" સમીક્ષાના પાંચ દિવસના રોકાણમાં ત્રિપુરા ખાતે શ્રી ભાગવતે વધુમાં કહ્યું કે "ભારતીય હિન્દુ સંસ્કૃતિ વિશ્વની સૌથી જૂની સભ્યતા છે. તેથી સુખમય, શાંતિમય તથા સુરક્ષિત જીવનશૈલીની જીવનપદ્ધતિથી કેવી રીતે જીવી શકાય તેના માર્ગદર્શનની અપેક્ષા સમગ્ર વિશ્વ મીટ માંડીને ભારત પાસે રાખી રહ્યું છે. દેશ તથા વિશ્વની આ આશા અને અપેક્ષાઓને સંઘના સ્વયંસેવકોઓએ 'નિત્ય શાખા'ના માધ્યમથી પૂર્ણ કરવાની છે. રાષ્ટ્રનિર્માણ તથા વિશ્વશાંતિ માટે જરૂરી ચારિત્ર્યોનું નિર્માણ કરવું, એ સંઘકાર્યની પ્રાથમિકતા છે."

## હિન્દુ આધ્યાત્મિક સેવા ફાઉન્ડેશન અને રાજસ્થાન યુવા સંગઠન દ્વારા 'વંદેમાતરમ્' સમૂહગાન

રાજસ્થાનના જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં હિન્દુ આધ્યાત્મિક સેવા ફાઉન્ડેશન અને રાજસ્થાન યુવા સંગઠન દ્વારા પચાસ હજાર યુવાનો દ્વારા 'વંદે માતરમ્' સમૂહગાનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. પ્રસિદ્ધ સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજીમાંથી વયોવૃદ્ધ આનંદજીના નિર્દેશનમાં ૩૦૦થી પણ વધુ સંગીત કલાકારોએ મન-મોહક દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ કેન્દ્રીય વાણિજ્યમંત્રી શ્રી સુરેશ પ્રભુ ઉપસ્થિત હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના અખિલ ભારતીય સહ સેવા પ્રમુખ શ્રી ગુણવંતસિંહ કોઠારી પણ ઉપસ્થિત હતા. સંગીતકારોએ ઢોલ, હારમોનિયમ, સિતાર, વાયોલિન, ગિટાર તથા તબલા સહિત ૧૨૫ વાદ્યયંત્રોના સૂર રેલાવ્યા હતા. આ 'વંદેમાતરમ્' સમૂહગાનને સાંભળવા-નિહાળવા જયપુર તથા રાજસ્થાન અને દેશમાંથી મોટી સંખ્યામાં રાષ્ટ્રભક્તોએ હાજરી આપી હતી.

## તબીબી વિજ્ઞાનમાં આશ્ચર્યજનક સંશોધન : મહિલાઓના આંસુઓના પૃથક્કરણથી કેન્સરની ભાળ મળશે.

મહિલાઓમાં થતા કેન્સરોમાં સ્તનનું કેન્સર વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ કેન્સરનું સમયસર નિદાન ન થવાથી પરિણામો ઘાતક બને છે. સામાન્ય રીતે લોહીના પરિક્ષણની પદ્ધતિઓથી કેન્સરની ભાળ મળે છે. પણ અમેરિકાના તબીબી ડૉક્ટર સંશોધકોએ મહિલાના આંસુઓના પૃથક્કરણથી સ્તનના કેન્સરના નિદાનની સરળ શોધ કરી છે. એક એવું અનોખું સાધન વિકસાવ્યું છે જે ૨૦ થી ૩૦ મિનિટના ટૂંકાગાળામાં જ સ્તન કેન્સરનું નિદાન કરે છે. અમેરિકાની સ્પ્રિંગડેલ સ્થિત રિસર્ચ કંપની એસેંડેટ ડીએક્સે આ ઉપકરણ વિકસાવ્યું છે. આ ડીવાઈસ બનાવવામાં ડૉ. સ્ટીવન હાર્મસનો મહત્વનો ફાળો રહ્યો છે. તેમણે સંશોધનથી તારવ્યું છે કે 'આંસુ આપણા લોહીનું પ્રતિબિંબ પાડે છે. ઘણા સ્તન કેન્સરના દર્દીઓ પરિક્ષણ માટે લોહી આપતા ખચકાય છે. જ્યારે તેમના આંસુઓ સરળતાથી પરિક્ષણ માટે આપે છે. આ ઉપકરણનું મૂળ સંશોધન ડૉ. સુજૈન ક્લિંબર્ગે કરી હતી. જે અમેરિકાની યુનિવર્સિટી ઓફ આર્કોન્સના મેડિકલ સાયન્સ વિદ્યાર્થી હતા. ત્યારબાદ આ શોધને એસેંટેડ કંપનીએ પરિક્ષણથી પ્રમાણિત કરી માર્કેટમાં તે અંગેના ઉપકરણનો આવિસ્કાર કર્યો હતો. આ ડીવાઈસ મૈમોગ્રામનું સ્થાન લઈ શકે તેમ નથી પણ તેના જેવા જ સચોટ નિદાન કરી શકે છે.'

## સાંપ્રદાયિક આદરનું અનોખું ઉદાહરણ : ઉત્તર પ્રદેશની સલમા બેગમે રામલીલાના રામ-સીતા વિવાહના પ્રસંગથી પુત્રનો જન્મ દિવસ ઉજવ્યો

ઉત્તર પ્રદેશના હમીરપુર સ્થિત સુમેરપુર વિકાસ ખંડના ઉજનેડી ગામમાં સલમા બેગમે પોતાના પુત્રનો જન્મ અનોખી રીતે ઉજવ્યો હતો. પુત્રના જન્મ દિવસે પોતાના નિવાસ સ્થાને રામલીલાના કલાકારોને આમંત્રણ આપી રામ-સીતા વિવાહના પ્રસંગને ભવ્ય રીતે ઉજવ્યો હતો. આ પ્રસંગને ગામના હિન્દુ-મુસ્લિમભાઈઓએ એકબીજાના સહકારથી ઉજવ્યો હતો. સલમાનું માનવું છે કે બધા જ માણસો એક સમાન છે પછી તેમનો ધર્મ ભિન્ન હોય. સાંપ્રદાયિક સદ્ભાવથી આનંદ મળે છે. ગામના સર્વે ભાઈ-બહેનોએ સલમાના આ પ્રયાસ માટે અભિનંદન આપ્યા હતા. પુત્રના જન્મ દિવસે સલમાએ હિન્દુ-મુસ્લિમની એકતાનો સંદેશો આપ્યો હતો.

## દિલ્હી ખાતે યોજાયેલ આર્મી ટેકનોલોજી સેમિનાર અને પ્રદર્શનમાં, ગાંધીનગર IITની પ્રોફેસર ટીમે 'માઈન્ડ આઈ' ટ્રેકિંગ ડિવાઈસ રજૂ કર્યું

ગાંધીનગર IITના પ્રોફેસર ઉત્તમા લહેરી, ચિન્મય ધોરાઈ તથા ગૌરવ શ્રીવાસ્તવે તેમના સંયુક્ત પ્રયાસોથી આર્મીના જવાનોનું ડિપ્રેશન લેવલ માપવાનું 'માઈન્ડ આઈ' નામનું ઉપકરણ બનાવ્યું છે. આ એક ટેસ્ટ છે જે કોગ્નેટિવ સાયન્સ પર આધાર રાખે છે. વિસમ-કપરી પરિસ્થિતિ જેવી ટ્રેકીંગ, બરફ આચ્છાદિત માહોલ, હવાનું ઓછું દબાણ, ઓક્સિજનની ઉણપ, લેન્ડ સ્લાઈન્ડીંગ, આર્મીના હથિયારોથી ઉદ્ભવતા અવાજો, રાત્રી પહેરેગિરિ, નિર્જન સ્થળો ઉપરની એકલતા વગેરેમાં જવાનોનું હતાશાપ્રમાણ ખૂબ જ મહત્વનું હોય છે. જવાનોમાં સરહદે ટકી રહેવા માટે જરૂરી હિંમત હોવા આવશ્યક છે. આ

સંજોગોમાં જો જવાન ડીપ્રેશન અનુભવે તો તુરત જ તેને સારવાર આપી તેની હિંમત ટકાવી રખાય છે. સરહદ પર લશ્કરના જવાનો પણ તેમની આગવી આર્મી ટેકનોલોજીનો ઉપયોગ કરતા હોય છે. લશ્કરના જવાનોને સ્વ-રક્ષણ તથા પોતાના શરીરને યુદ્ધની ક્ષમતાવાળું કાયમી જાળવી રાખવું પડે છે તેવા સંજોગોમાં લશ્કરના જવાનની લડાયક ક્ષમતા માપવા આ ઉપકરણ મહત્વનું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ 'માઈન્ડ આઈ' ટ્રેકિંગ ડિવાઈસથી પ્રભાવિત થયા હતા.

## દેશમાં મહિલા કેદીઓ માટે સ્વતંત્ર આદર્શ જેલના નિર્માણ માટે કેન્દ્ર સરકારનું સર્વેક્ષણ

કેન્દ્ર સરકારનું સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણખાતું હાલમાં દેશની જેલોમાં ૪૬ બિંદુઓ-મુદ્દાઓને ધ્યાનમાં રાખી સર્વેક્ષણ કરાવે છે જેમાં સ્વાસ્થ્યસુવિધા, ભોજનવ્યવસ્થા, સંડાસ-બાથરૂમ તથા સાફસફાઈના બિંદુઓ મુખ્ય છે. પણ આ ઉપરાંત મહિલાઓ પાસેથી મેળવાતી વિગતોમાં વધારાના ૮૪ બિંદુઓ જે માત્ર મહિલા કેદીઓને જ લાગુ પડે છે તે ઉમેર્યા છે. જેથી મહિલા કેદીઓ અંગે વિશેષ જાણકારી મેળવી શકાય. આ અંગે કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ દેશભરમાં સર્વેક્ષણ હાથ ધરવાનું અભિયાન ચલાવ્યું છે. તેમાં મહિલા કેદી આયોગની પણ રચના થશે જેમાં દેશના સ્વૈચ્છિક સેવાભાવી સંગઠનો જે મહિલા કેદીઓના સુધાર માટે તત્પર હોય તેમનો પણ સમાવેશ થશે. જો શક્ય હશે તો સ્વતંત્ર માત્ર મહિલાઓ સંચાલિત આદર્શ જેલના નિર્માણમાં પહેલ કરી શકાશે. મહિલાઓના ગુનાહિત માનસનો પણ આ સર્વેક્ષણમાં અભ્યાસ છે જેથી તેમના ગુનાહિત માનસમાં સુધાર લાવવાના પ્રયત્નો પણ હાથ ધરી શકાશે તેવો આશાવાદ મંત્રી મેનકા ગાંધીએ વ્યક્ત કર્યો છે.

## રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વિશ્વ વિભાગના વરિષ્ઠ પદાધિકારી જગદીશચંદ્ર શરદ શાસ્ત્રીજીની ચિરવિદાય

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારધારા વિશ્વફલક પર વિસ્તરી છે. તેની કાર્યપદ્ધતિના વિવિધ વિભાગોમાં વિશ્વ વિભાગ છે જે સંઘના દેશ-વિદેશના કાર્યનું સંકલન તથા માર્ગદર્શન કરે છે. આ વિશ્વ વિભાગના વરિષ્ઠ પદાધિકારી જગદીશચંદ્ર શરદ શાસ્ત્રીજીએ ચિરવિદાય લીધી છે. તેઓ ૯૬ વર્ષના હતા. તેમનું જીવનવૃત્તાંત સંઘ સાહિત્યમાંથી મેળવી શકાશે. છતાં સંઘમાં તેમની દીર્ઘકાલિન સેવાઓ ચિરસ્મરણીય છે. તેમણે અમેરિકા, ઇંગ્લેંડ, કેન્યા વગેરે દેશોમાં સંઘની વિચારધારાના પ્રચાર-પ્રસાર માટે મહત્વનું યોગદાન આપ્યું છે. સંવાદ ઓડિટોરિયમ ટીમના શાંતિપ્રસાદ અગ્રવાલે શાસ્ત્રીજી સાથેના સાક્ષાત્કારમાં તેમના જીવન અને કવનના અનેક પ્રસંગો વર્ણવતાં કહ્યું કે શાસ્ત્રીજીના લાંબા જીવનકાળમાંથી વિદેશોમાં સંઘની પ્રવૃત્તિઓ વિષે તેમની પાસેથી મળેલી માહિતીનું પૂર્ણસ્વરૂપે વર્ણવવું મુશ્કેલ છે. શાસ્ત્રીજી સંઘના સ્વયં સેવકો માટે પ્રેરણાસ્રોત બની રહેશે. સંઘના સ્વયં સેવકોએ સંઘકાર્યને નિષ્ઠાથી આગળ ધપાવી શાસ્ત્રીજીનું ઋણ અદા કરવું એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.

## વિશ્વમાં શ્રેષ્ઠ કામગીરી કરનારી પાંચ મહિલાઓમાં ભારતના ચેતના ગાલા સિંહાની વર્લ્ડ ઈકોનોમી ફોરમ-સંમેલનમાં પસંદગી

વિશ્વની આર્થિક પરિસ્થિતિ તથા સહભાગીદારી - આર્થિક સહયોગના ચિંતન માટે વર્લ્ડ ઈકોનોમિ ફોરમ કાર્યરત છે. આ ફોરમ વિશ્વમાંથી આર્થિકક્ષેત્રે શ્રેષ્ઠકાર્ય કરનાર સેવાભાવી ઉત્કૃષ્ટ દેશ-વિદેશના નાગરિકોને આમંત્રણ આપે છે. વિશ્વમાં જે તે દેશના સેવાભાવી કાર્યકરો પોતાના દેશના નાગરિકોને આર્થિક રીતે પગભર કરવા તથા સ્વમાનભેર જીવવા માટે સહાયરૂપ થયા હોય છે. આ કાર્યકરોની સેવાને બિરદાવવા તથા તેમની કાર્યપ્રણાલીને લોકો સુધી પહોંચાડવા વર્લ્ડ ઈકોનોમી ફોરમ-સંમેલન યોજે છે. આવું એક સંમેલન દાવોસમાં તા. ૨૩ થી ૨૬ જાન્યુઆરીમાં યોજાયું હતું. ફોરમના ૫૦ વર્ષના કાર્યકાળમાં પ્રથમ વખત વિશ્વની પાંચ મહિલાઓને આમંત્રણ અપાયું છે જેમાં મુંબઈના કચ્છી ગુજરાતી ગાલા પરિવારના ચેતના ગાલા સિંહની પસંદગી થઈ હતી. ચેતનાબહેન મુંબઈ યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. તેમણે જયપ્રકાશ નારાયણના આંદોલનમાં ઝંપલાવ્યું. ઈ.સ. ૧૯૮૧માં સતારા જિલ્લાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં બહેનોને પથ્થર તોડવાની મજૂરી કરતી નિહાળી. તેમને લાગ્યું કે આ કામ તો જેલના કેદીઓ પાસે કરાવાય છે. શા માટે બહેનોને આમાંથી બહાર ન લાવવી ? દૃઢનિશ્ચય સાથે તેમણે સેવાકાર્ય શરૂ કર્યું. તેમના પતિ વિજયે પણ મદદ કરી. માદેશી ફાઉન્ડેશનની રચના કરી. અત્યાર સુધીમાં તેમણે ૩ લાખથી પણ વધુ લોકોને આર્થિક રીતે પગભર બનાવી સ્વમાનભેર જીવન બક્ષ્યું છે. સતત સંપર્ક તથા પ્રવાસના માધ્યમથી ચેતનાબહેન દેશભરમાં આર્થિક સ્વતંત્રતા તથા જીવનપરિવર્તન માટે ઝૂંબેશ ચલાવે છે, * * *